# આપણી જ્ઞાતિના ઈતિહાસનું વિહંગાવલોકન

**આપણી જ્ઞાતિને મોઢ ચાંપાનેરી સંજ્ઞા શાથી આપવામાં આવી?**

આજથી ૧૨૦૦ વર્ષ પૂર્વે ચુંવાળમાં મોઢ્રકનગર અથવા મોઢબંકપટ્ટણ અથવા મોઢરપુર, હાલનું નામ મોઢેરા-નામનું જાહોજલાલીવાળું નગર આવેલું હતું તે સમયમાં ત્યાં વેપાર રોજગાર ધીકતો ચાલતો અને તે સોલંકી વંશનું પાટનગર હતું.

ત્યાંના વાણિયા કોમના લોકો મોદીખાનાનો તથા તેલ વગેરેનો ધંધો કરતા હતા. મોઢેરાના વાણિયા મોઢેરાથી આઠ માઈલ દૂર શ્રી બહુચરાજી માતાનું મંદિર આવેલું છે તેને માનતા અને ત્યા બાધા, રાખડી ઉતારતા ધાર્મિક ક્રિયા વિગેરે કરતા કરાવતા.

મોઢેરા ભાંગતા ત્યાંના વાણીયા ચાંપાનેર વિગેરે સ્થળે જઈ વસ્યા. મોઢેરાની વસ્તી જયાં જયાં ગઈ ત્યાં દરેક જ્ઞાતિને મોઢ સંજ્ઞા લાગતી. (જેમ મોઢ બ્રાહ્મણ, મોઢ વાણિયા વિગેરે) તે સમયે ચાંપાનેર જાહોજલાલીવાળું શહેર ગણાતું હતું. ત્યાં તેમણે પોતાના ધંધા રોજગાર જમાવ્યા.

મહંમદ બેગડાએ ચાંપાનેર લૂંટયું અને ભાંગ્યું. ત્યાંની વસ્તી વેરવિખેર થઈ ગઈ. અને જેઓ જયાં જયાં ગયા ત્યાં દરેક જ્ઞાતિને ચાંપાનેરી સંજ્ઞા લાગી. (જેમ ચાંપાનેરી સોની, ચાંપાનેરી ગરાસીયા, ચાંપાનેરી વાણિયા વિગેરે) ચાંપાનેર ભાંગતા મોઢેરાના વાણિયાઓમાંથી કેટલાક તે સમયમાં ધંધા રોજગારમાં આગળ પડતા શહેરો પૈકી અમદાવાદ, વડોદરા, સુરત, બુરાનપુર વિગેરે શહેરોમાં જઈ વસ્યા અને ત્યાં પોતાના ધંધા રોજગાર જમાવ્યા. આજે પણ આપણી અમદાવાદની જ્ઞાતિ અને વડોદરા, સુરત, બુરાનપુરની જ્ઞાતિના કેટલાક કુટુંબની અટક મળતી આવે છે.

આ લોકો મૂળ મોઢેરાના વતની હોવાથી અને ચાંપાનેરથી આવી વસ્યા હોવાથી તેઓ મોઢ ચાંપાનેરી વાણિયા જ્ઞાતિના નામે ઓળખાવા લાગ્યા.

પુસ્તક : ''ગુજરાત સર્વ સંગ્રહ'' લેખક કવિ નર્મદાશંકર લાલશંકર; જમ્સ કેમ્પ બેલ સાહેબના અંગ્રેજી ગેઝેટીઅરના ગ્રંથો ઉપરથી સાર કાઢી મુંબઈ સરકારના હુકમથી તૈયાર કર્યો. સને ૧૮૮૭ તે પુસ્તકના પાના ૮૩ ઉપર નીચે મુજબનું લખાણ છાપેલું છે.

મોઢ વાણિયા : તે વાત્રક ઉપર મોઢેરા છે. ચુંવાળમાં ત્યાંના, કેટલાક ઘાંચીનો પણ ધંધો કરે છે.

પાના ૯૯ ઉપર નીચે મુજબનું લખાણ છાપેલું છે.

ઘાંચી કોમમાં કેટલાક મોઢ કહેવાય છે તે અગાઉ મોઢ વાણિયા હતા.

મોઢ ચાંપાનેરી વાણિયા જેઓ અમદાવાદમાં આવી વસ્યા તેમણે પોતાના મોદીખાના, તેલ, ઘી, દૂધ વગેરેના ધંધા જમાવ્યા; સ્થાયી થયા અને ધીરે ધીરે જ્ઞાતિ થકી મિલકત વસાવતા રહયા.

શરૂઆતમાં દુધેશ્વર રોડ ઉપરની બહારની વાડી વસાવી મીરાતે અહેમદી ભાગ-૨ ના પાના-૨૫ ઉપર નીચે મુજબનું લખેલું છે. અબદુલાખાન ફીરોજ જંગ જે હીજરી સન ૧૧૨૦ માં અમદાવાદના સુબા હતા. તે હૈદરાબાદ નિઝામ સરકારના મુળ ગાદી સ્થાપકના દાદા થાય અને તેની જગા અમદાવાદમાં ઘાંચીની વાડી પાસે છે અને તે મોગલની ગુમતીના નામે ઓળખાય છે. મોગલની ગુમતી શાહપુર દરવાજા બહાર, દુધેશ્વર રોડ ઉપર આવેલી છે. આ પુસ્તક અમદાવાદનો આશરે ૨૦૦ વર્ષ પહેલાનો ઈતિહાસ રજુ કરે છે.

ત્યારબાદ ઘીકાંટા રોડ ઉપર નવતાડના રસ્તા પાસે વાડી સને ૧૮૪૭ માહે નવેમ્બરની ૧૩ મી તારીખ સંવત ૧૯૦૫ ની સાલમાં રૂા. ૯૦૧/- ની કિંમતે ખરીદી જયાં હાલમા જુની સીવીલ હોસ્પીટલ આવેલી છે.

સરકારે ઘીકાંટા રોડ ઉપરની વાડી હોસ્પીટલ માટે એકવાયર કરી તેથી તે વાડીમાંના મહાદેવના લીંગની જ્ઞાતિજનોએ દુધેશ્વર રોડ ઉપર આવેલી આપણી બહારની (બહાલ્લી) વાડીમાં સ્થાપના કરી. હાલમાં તે લીંગ ત્યાં છે. બહાલ્લી વાડીમાં જ્ઞાતિના ઉજાણીઓ થતી અને ત્યાંથી શ્રી માતાજીનો વરઘોડો આપણી પાનકોર નાકાની વાડીમાં ઉતરતો.

આપણી જ્ઞાતિની પાનકોર નાકાની વાડીનો પહેલો એક ભાગ તા. ૧૬/૦૧/૧૮૫૯ ના રોજ રૂા. ૩૯૫/- માં ખરીદયો. ત્યારબાદ તા. ૧૭/૧૨/૧૮૬૧ ના રોજ રૂા. ૧૦૦૧/- માં, તા. ૧૩/૧૦/૧૮૬૨ ના રોજ રૂા. ૨૯૮/- માં, તા. ૧૨/૦૯/૧૮૬૪ ના રોજ રૂા. ૩૪૦૧/- માં, તા. ૧૬/૧૧/૧૮૬૪ ના રોજ રૂા. ૧૯૯/- માં, તા. ૩૦/૦૯/૧૮૮૬ ના રોજ રૂા. ૪૩૫/- માં તથા તા. ૨૦/૧૦/૧૮૮૬ ના રોજ રૂા. ૪૫૦/- માં એ મુજબ અનુક્રમે વેચાણ રખાઈ.

સને ૧૮૮૦, ૮૧ તથા ૮૭ ના માહે ડીસેમ્બરની ૧૬ મી તારીખે અનુક્રમે જ્ઞાતિમાં ખર્ચાળ બનતા રીતરીવાજોને અંકુશમાં રાખવા માટે જ્ઞાતિજનોએ કાયદા યાને ઠરાવો કર્યા.

સને ૧૮૯૪ ના ડીસેમ્બર મહીનાની ૧૬ મી તારીખે (સંવત ૧૯૫૧ ના માગશર વદી ૪ ને રવિવારના રોજ) દુધેશ્વર રોડ ઉપર આવેલી આપણી જ્ઞાતિની માલિકીની બહાલ્લી વાડી. સર્વે નં. ૩૦૪ ની લગોલગના સર્વે નં. ૩૨૯ તથા ૩૩૦ જ્ઞાતિના વહીવટદાર તરીકે મોતીરામ અંબારામે રૂા. ૫૦૦/- ની કિંમતે વેચાણ રાખ્યા, જેમાં હાલ જયુપીટર મીલ આવેલી છે.

શરૂઆતમાં આપણી જ્ઞાતિએ અહીંના વતની શ્રી પંદરપરા મોઢ ઘાંચી વણિક જ્ઞાતિ સાથે સમય અનુસરીને રોટી-બેટી વ્યવહાર બાંધ્યો.

જેમ સમય વિતતો ગયો તેમ જ્ઞાતિમાં તડ યાને જુથ બંધાતા ગયા. એ રીતે જ્ઞાતિમાં ચાર તડ થયા.
(૧) કુંવરજીનું, (૨) ખાંડવાળાનું, (૩) ઘીયાનું, (૪) ટીલવાનું (પછીથી ટીલવાના તડના બે ભાગ થયા.)
તે વખતે દરેક તડના શેઠીઆઓ પોતાના આસામીઓ વધારવા માટે પ્રયત્ન કરતા અને એ રીતે પોતાના તડનું સંખ્યાબળ વધારતા હતા.

સદરહુ ચારે તડ ભેગા થઈને જ્ઞાતિની મિલકત ખરીદતા હતા. તે સમયે તડના શેઠને ચૌધરી તથા તડના ખજાનચીને દિવાન પણ કહેવામાં આવતા હતા.

જેમ સમય વિતતો ગયો તેમ શ્રી પંદરપરા મોઢ ઘાંચી વાણીયા જ્ઞાતિના રીતરીવાજો આપણને માફક ન આવવાથી તેમની સાથેનો સંબંધ ઓછો કર્યો.

સંવત ૧૯૬૩ ના આસો સુદી ૬ ના રોજ શેઠીઆઓએ જ્ઞાતિની માલિકીની પાનકોરના નાકાની વાડી મિલકત વગેરેનો વહીવટ મોતીલાલ કુબેરદાસ ખાંડવાળા પાસેથી લઈને જ્ઞાતિ સભ્યો (૧) સ્વર્ગસ્થ અમૃતલાલ

માધવજી, (૨) સ્વ. મોતીલાલ સાંકળચંદ, (૩) સ્વ. બાપાલાલ લક્ષ્મીચંદ, (૪) સ્વ. અમૃતલાલ લલ્લુભાઈને સોંપ્યો. જયારે દુધેશ્વર રોડ ઉપર આવેલી બહાલ્લી વાડી નં. ૩૦૪ તથા સર્વે નં. ૩૨૯-૩૩૦ નો વહીવટ જુના વહીવટદાર પાસે રહયો.

સને ૧૯૧૧ માં સરકારી મે. રીપોર્ટમાં આપણી જ્ઞાતિ સંબંધી વાંધાજનક લખાણ હોવાથી તે પ્રત્યે શ્રી ગણપતરામ રામજીભાઈ કોઠમડીએ જ્ઞાતિજનોનું ધ્યાન દોરેલું ત્યારબાદ સને ૧૯૧૧-૧૨ માં કેળવણી મંડળની સ્થાપના થઈ. તેનું નામ મોઢ ચાંપાનેરી બંધુ મંડળ હતું. આ મંડળ તેના સમય દરમ્યાન જ્ઞાતિના અમદાવાદના તથા વડોદરાના વિદ્યાર્થીઓને માન-ઈનામ વિગેરે અપાતું તે રીતે જ્ઞાતિમાં કેળવણીનો વિકાસ સાધવા પ્રયત્ન કરતું. આ મંડળ સને ૧૯૨૦-૨૨ ની આસપાસ આર્થિક સહાયતાના અભાવે બંધ પડયું.

(સને ૧૯૧૯) સંવત ૧૯૭૫ ના મહા સુદી ૨ ના રોજ શ્રી દુધેશ્વર રોડ ઉપર આવેલી આપણી વાડી સર્વે નં. ૩૦૪ માંથી માતાજીની જયોતનો વરઘોડો ચઢાવી આપણી પાનકોરના નાકે આવેલી વાડીમાં લાવવામાં આવી અને સંવત ૧૯૭૫ ના મહા સુદી ૬ ના રોજ ઉજાણી કરવામાં આવેલી.

ત્યારબાદ પાનકોરના નાકાની વાડી મિલકત વિગેરેના વહીવટદારો પૈકી શ્રી અમૃતલાલ માધવજી તથા શ્રી મોતીલાલ સાંકળચંદના ગુજરી જવાથી બાકીના બે સભ્યો શ્રી બાપાલાલ લક્ષ્મીચંદ તથા શ્રી અમૃતલાલ લલ્લુભાઈ પાસે વહીવટ રહયો. તેમણે પાનકોરના નાકાની વાડી ઉઘરાણું કરીને બંધાવી. ત્યારબાદ તેની આવકમાંથી બીજો ભાગ બંધાવ્યો.

સને ૧૯૩૪ માહે ઓકટોબરની ૧૩ મી તારીખે રૂા. ૯૦૦૦/- માં દિલ્હી ચકલામાં મકાન ખરીદયું.

સને ૧૯૩૬ માં કેળવણીના વિકાસ માટે જ્ઞાતિમાં શ્રી મોઢ ચાંપાનેરી વણિક વિદ્યોત્તેજક સંસ્થા સ્થપાઈ તે સંસ્થાએ જ્ઞાતિમાં કેળવણી વધારવાના પ્રયાસો શરૂ કર્યા તથા થોડું ફંડ પણ એકઠું કર્યુ.

સને ૧૯૪૦ માહે ઓકટોબરની ૧૦ તારીખે કંદોઈ ઓળમાં સને ૧૯૪૨ માહે જુનની ૨૬ તારીખે ચાંલ્લાઓળમાં મકાન ખરીદયા.

સંવત ૧૯૯૮ ના વૈશાખ વદ ૦)) ના રોજ શ્રી બાપાલાલ લક્ષ્મીચંદ તથા સંવત ૨૦૦૫ ના આસો વદ ૪ ના રોજ શ્રી અમૃતલાલ લલ્લુભાઈ દેવલોક પામ્યા.

ત્યારબાદ જ્ઞાતિની મિલકત વિગેરેની વ્યવસ્થા કરવા માટે જ્ઞાતિ સભ્યોમાં કેટલાક સભ્યોએ પ્રયત્ન કરી જ્ઞાતિની એક મીટીંગ બોલાવી.

તા. ૦૧/૦૧/૧૯૫૦ ના રોજ જ્ઞાતિની એક જનરલ મીટીંગ પાનકોર નાકાની વાડીમાં શ્રી લક્ષ્મીચંદ માધવજી જાડાવાળાના પ્રમુખપદે મળેલી અને તેમાં જ્ઞાતિજનોએ ૩૮ સભ્યોની એક કમીટી તા. ૦૧/૦૧/૫૦ થી તા. ૩૦/૦૬/૫૦ સુધીના સમય માટે નીમાઈ. જેમના નામ નીચે પ્રમાણે છે :
૧. શ્રી જયશંકર અમૃતલાલ ગાંધી, ૨. શ્રી નારણદાસ બાપાલાલ દાંડવાલા, ૩. શ્રી માણેકલાલ ભગવાનદાસ કાજીવાળા, ૪. શ્રી લાલભાઈ હરીલાલ સ્વામિનારાયણ, ૫. શ્રી રસિકલાલ ધનજીભાઈ ગાંધી, ૬. શ્રી

શીવનારાયણ અમૃતલાલ મોદી, ૭. શ્રી મણીલાલ મોતીલાલ કોઠારી, ૮. શ્રી ડૉ. લક્ષ્મણભાઈ ગિરધરભાઈ મોદી, ૯. શ્રી બાપાલાલ બુલાખીદાસ મોદી, ૧૦. શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદી, ૧૧. શ્રી અમૃતલાલ હરિવલ્લભદાસ, ૧૨. શ્રી વાડીલાલ નારણદાસ જાડાવાળા, ૧૩. શ્રી મુળચંદભાઈ અમૃતલાલ સ્વામિનારાયણ, ૧૪. શ્રી નગીનદાસ ગણપતરામ વડવાલા, ૧૫. શ્રી હીરાલાલ દલપતરામ મોદી, ૧૬. શ્રી મણીલાલ કુબેરદાસ મોદી, ૧૭. શ્રી ગીરધરલાલ ગણપતરામ ગાંધી, ૧૮. ડૉ. ચંદુલાલ શીવલાલ તંબોળી, ૧૯. શ્રી અમૃતલાલ અંબારામ મોદી, ૨૦. શ્રી નગીનદાસ બાપાલાલ ખજાનચી, ૨૧. શ્રી ત્રીકમલાલ હરીલાલ પાંડેજી, ૨૨. શ્રી રાજેન્દ્રપ્રસાદ ચુનીલાલ મોદી, ૨૩. શ્રી કેશવલાલ દલપતરામ મોદી, ૨૪. શ્રી અમૃતલાલ લલ્લુભાઈ મહોરોવાલા, ૨૫. શ્રી મણીલાલ મગનલાલ વડવાલા, ૨૬. શ્રી ડાહ્યાભાઈ પરસોત્તમદાસ દલાલ, ૨૭. શ્રી શાંતીલાલ મોતીલાલ જાડાવાલા, ૨૮. શ્રી વાડીલાલ ધનજીભાઈ ગાંધી, ૨૯. શ્રી ગોરધનદાસ ભગવાનદાસ કાજીવાલા, ૩૦. શ્રી હરીલાલ મગનલાલ મોદી, ૩૧. શ્રી હીરાલાલ સોમનાથ, ૩૨. શ્રી ચંદુલાલ ધનજીભાઈ જાડાવાલા, ૩૩. શ્રી કમાઉલાલ ઉર્ફે જેઠાલાલ લક્ષ્મીચંદ જાડાવાલા, ૩૪. શ્રી રતીલાલ ચીમનલાલ ચાંપલીવાળા, ૩૫. શ્રી છનાલાલ મોતીલાલ વડવાલા, ૩૬. શ્રી પરસોત્તમદાસ ઝવેરદાસ ભગત, ૩૭. શ્રી નટવરલાલ ડાહ્યાભાઈ મેતીવાલા, ૩૮. શ્રી મધુસુદન અમીચંદ વડવાલા. સદરહુ કમીટીને જ્ઞાતિની મિલકત વિગેરેનો વહીવટ કરવા માટે બંધારણ ઘડવાનું તથા જ્ઞાતિની વસ્તી ગણતરી કરી વસ્તી પત્રક તૈયાર કરવાનું કાર્ય સોંપાયું તથા તે સમય દરમ્યાન જ્ઞાતિની મિલકત વગેરેનો વહીવટ સોંપાયો.

તા. ૨૧/૦૫/૧૯૫૦ ના રોજ જ્ઞાતિની જનરલ મીટીંગ શ્રી જયશંકર અમૃતલાલ ગાંધીના પ્રમુખપદે શ્રી લલ્લુભાઈ કરસનદાસ હોલમાં મળેલી અને તેમાં જ્ઞાતિએ બંધારણ પસાર કર્યું તથા વસ્તીપત્ર મંજુર કર્યું.

બંધારણ અનુસાર તા. ૧૮/૦૬/૧૯૫૦ ના રોજ પ્રથમ મેનેજીંગ કમીટીની ચુંટણી કરવામાં આવી. જેમાં નીચેના સભ્યો ચુંટાઈ આવ્યા.
૧. શ્રી જયશંકર અમૃતલાલ ગાંધી, ૨. શ્રી નારણદાસ બાપાલાલ દાંડવાલા, ૩. શ્રી બાપાલાલ બુલાખીદાસ મોદી, ૪. શ્રી માણેકલાલ ભગવાનદાસ કાજીવાળા, ૫. શ્રી લાલભાઈ હરીલાલ સ્વામિનારાયણ, ૬. શ્રી શીવનારાયણ અમૃતલાલ મોદી, ૭. શ્રી ડૉ. લક્ષ્મણભાઈ ગિરધરભાઈ મોદી, ૮. શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદી, ૯. શ્રી વાડીલાલ નારણદાસ જાડાવાળા, ૧૦. શ્રી નગીનદાસ ગણપતરામ વડવાલા, ૧૧. શ્રી ત્રીકમલાલ હરીલાલ પાંડેજી.

તા. ૦૧/૦૭/૧૯૫૦ ના રોજ જ્ઞાતિની તમામ સ્થાવર જંગમ મિલકત તથા રૂા. ૫૫૨૩૭.૧.૫ (તા. ૩૧/૦૫/૫૦) વગેરેનો વહીવટ ઉપર જણાવેલા ૧૧ સભ્યોની મેનેજીંગ કમીટીના હસ્તક આવ્યો.

શ્રી દુધેશ્વર રોડ ઉપર આવેલી આપણી જ્ઞાતિની માલિકીની વાડી સર્વે નં. ૩૦૪ તથા સર્વે નં. ૩૨૯, ૩૩૦ વાળી મિલકતોનો વહીવટ જુના વહીવટદારો શ્રી ઓધવજી મોતી તથા શ્રી દામોદર ધનજી પાસે હતો. તેઓ જ્ઞાતિને હિસાબ વગેરે નહીં આપતા હોવાથી સમસ્ત જ્ઞાતિએ તા. ૧૪/૦૩/૧૯૩૭ ના રાજે પાનકોર નાકાની આપણી વાડીમાં ભેગા મળી, ઉપરોકત મિલકત સામે મિલકતના હિસાબ માટે દાવો કરવાની સત્તા જ્ઞાતિ સભ્યો પૈકી શ્રી કુબેરદાસ હરગોવિંદદાસ મોદી, ડૉ. રણછોડલાલ દલપતરામ મોદી, શ્રી ચીમનલાલ અંબારામ કડવાશેઠને સોંપી તથા તેના ખર્ચ પેટે રૂા. ૫૦૦/- પાનકોરના નાકાની વહીવટદારો પાસેથી લેવા એવુ સર્વાનુમતે નકકી થયેલું.

પાનકોર નાકાની વાડીના વહીવટદારોએ મજકુર રકમ ન આપવાથી પોતાના ખર્ચે સને ૧૯૩૭ માં કોર્ટમાં દાવો કરેલો, જેનો નિકાલ તા. ૨૬/૦૯/૧૯૫૦ ના રોજ કરાર દાદથી થયો અને સદરહુ મિલકત જ્ઞાતિની ચુંટાઈ અમલમાં આવેલી મેનેજીંગ કમીટીને સોંપાઈ.

સદરહુ મેનેજીંગ કમીટીમાંથી મતભેદના કારણે છ સભ્યોના રાજીનામા આવવાથી તા. ૧૮/૦૪/૫૧ ના રોજ ફરીથી ચુંટણી કરવાનું નકકી થયું. આ ચુંટણીમાં નીચે જણાવેલા સભ્યો બીનહરિફ ચુંટાઈ આવ્યા,
૧. શ્રી લાલભાઈ હરીલાલ સ્વામિનારાયણ, ૨. શ્રી માણેકલાલ ભગવાનદાસ કાજીવાળા, ૩. શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદી, ૪. શ્રી નગીનદાસ ગણપતરામ વડવાલા, ૫. શ્રી ત્રીકમલાલ હરીલાલ પાંડેજી, ૬. શ્રી હીરાલાલ દલપતરામ મોદી, ૭. ડૉ. ગણપતરામ ઝવેરદાસ મોદી, ૮. શ્રી કાળીદાસ સોમચંદ મોદી, ૯. શ્રી ગીરધરલાલ અંબાલાલ મોદી, ૧૦. શ્રી બળવંતરાય શીવલાલ જાડાવાલા, ૧૧. શ્રી મધુસુદન અમીચંદ વડવાલા.

તા. ૧૮/૦૩/૧૯૫૩ ની જનરલ મીટીંગમાં શ્રી મોઢ ચાંપાનેરી વણિક જ્ઞાતિ વિદ્યોત્તેજક સંસ્થાએ પોતાના હસ્તકનું ફંડ રૂા. ૭૭૭૫/- જ્ઞાતિની મેનેજીંગ કમીટીને સુપ્રત કર્યું. ત્યારબાદ કમીટીની મુદત તા. ૩૧/૧૨/૫૩ ના રોજ પુરી થતી હોવાથી તા. ૧૩/૧૨/૫૩ ના રોજ નવી કમીટીની ચુંટણી થઈ. તેમાં નીચેના સભ્યો ચુંટાઈ આવ્યા.
૧. શ્રી માણેકલાલ ભગવાનદાસ કાજીવાળા, ૨. શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદી, ૩. શ્રી નગીનદાસ ગણપતરામ વડવાલા, ૪. શ્રી લાલભાઈ હરીલાલ સ્વામિનારાયણ, ૫. શ્રી કાળીદાસ સોમચંદ મોદી, ૬. શ્રી હીરાલાલ દલપતરામ મોદી, ૭. ડૉ. ચંદુલાલ શીવલાલ તંબોળી, ૮. ડૉ. ગણપતરામ ઝવેરદાસ મોદી, ૯. શ્રી મોતીલાલ ભોળાનાથ જાડાવાલા, ૧૦. શ્રી ત્રીકમલાલ હરીલાલ પાંડેજી, ૧૧. શ્રી જયંતિલાલ કેશવલાલ ફરકીવાળા.

આ કમીટી તા. ૦૧/૦૧/૧૯૫૪ થી તા. ૩૧/૧૨/૧૯૫૬ સુધીના સમય માટે અમલમાં આવી.

તા. ૦૭/૧૦/૧૯૫૪ ના રોજ સમસ્ત જ્ઞાતિની ઉજાણી દુધેશ્વર રોડ ઉપર આવેલી આપણી વાડીનો સર્વે નં. ૩૦૪ માં થઈ સદરહુ ઉજાણી માટે શ્રી હરિભાઈ અમૃતલાલ ગાંધીના પ્રમુખ સ્થાને કમીટી નીમાયી હતી. આ ઉજાણી છેલ્લા ૩૫ વર્ષ પછી પહેલવહેલી થઈ. તેથી એક અનેરો અવસર હોઈ આખી જ્ઞાતિએ ખુબ જ ઉત્સાહ અને આનંદ પુર્વક ભાગ લીધો હતો.

સને ૧૯૫૪ ના એપ્રીલ માસમાં શ્રી અંબાજી તાલુકા દાંતાએ આવેલ આપણી જ્ઞાતિનો માઢ જુના વહીવટદાર શ્રી રણછોડલાલ કુબેરદાસ પાસેથી જ્ઞાતિની મેનેજીંગ કમીટીને **મળ્યો.**

તા. ૧૯/૦૯/૫૪ ના રોજ આપણી જ્ઞાતિની સામાન્ય સભામાં આપણી દુધેશ્વર રોડ ઉપર આવેલી વાડીના સર્વે નં. ૩૦૪/૩૨૯/૩૩૦ માં ધી જયુપીટર સ્પી. એન્ડ વી. મે. કંપની લી. ને કાયમના ભાડા પટે આપવાના નિર્ણય અંગે ચકાસણી કરવા અને સમસ્ત જ્ઞાતિનો અભિપ્રાય જાતે સનમુખ જાણવા મે. ડેપ્યુટી ચેરીટી કમીશ્નર સાહેબ પધારેલા અને તેમને સંતોષ થયા બાદ કાયમનો ભાડા પટો કરી આપવાની લેખિત પરવાનગી આપી.

ત્યારબાદ તા. ૨૦/૦૧/૫૫ ના રોજ સમસ્ત જ્ઞાતિ તરફથી પ્રમુખ શ્રી મોતીલાલ ભોળીનાથ જાડાવાળા અને માનદ્ મંત્રીશ્રી ચીમનલાલ કુબેરદાસ મોદીએ ધી જયુપીટર સ્પી. એન્ડ વી. મે. કંપની લી. સાથે દુધેશ્વર રોડ ઉપર આવેલી આપણી જ્ઞાતિની વાડીના સર્વે નં. ૩૦૪/૩૨૯/૩૩૦ રૂા. ૯૬૦૧/- ના વાર્ષિક ભાડે ભાડાપટ્ટો કર્યો.

સને ૧૯૫૪ ના વર્ષથી આપણી જ્ઞાતિની પુનમીયા ટોળી તરફથી એક ચાલતો સંઘ શ્રી બહુચરાજી માતાએ લઈ જવાની શરૂઆત કરવામાં આવી. અને તે સંઘનો વરઘોડો આપણી પાનકોર નાકે આવેલી વાડીમાંથી ચઢાવવામાં આવે છે.

તા. ૦૧/૦૩/૫૫ ના રોજ સ્વ. શ્રી હીરાલાલ મોતીલાલ તથા સ્વ. છનાલાલ મોતીલાલ વડવાળાના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની બાઈ સમરથ તથા બાઈ રૂક્ષ્મણી તરફથી જ્ઞાતિના ઉચ્ચ કેળવણીમાં ભણતા વિદ્યાર્થીની કેળવણી માટે સરસપુર વોર્ડના સે.નં. ૧૦૪૦ થી ૧૦૪૦/૫ વાળુ મકાન આશરે રૂા. ૭૫૦૦/- કિંમતનું દાન આપવામાં આવ્યું.

સને ૧૯૫૫ માં શ્રી અંબાજી તાલુકા દાંતાએ આવેલી આપણી જ્ઞાતિના માઢને રીપેરીંગ કરવા માટે રૂા. ૧૦૫૦૧/- નુ દાન શ્રી ગંગારામ ચુનીલાલ કોઠારીએ જ્ઞાતિને આપી માઢનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

તા. ૧૨/૦૩/૫૫ ના રોજ બાઈ ચંચળ તે સ્વ. શકરાભાઈ છગનલાલ મહોરોવાળાના સ્મરણાર્થે એક મકાન જમાલપુર ટી.પી.એસ. ના ફાઈનલ પ્લોટ નં. ૧૫/૧ થી ૧૫/૪ સર્વે નં. ૧૦૪૬ થી ૧૦૪૬/૪ આશરે રૂા. ૩૦૦૦/- ની કિંમતનું જ્ઞાતિને દાન આપ્યું.

ત્યારબાદ તા. ૧૬/૧૨/૫૫ ને માગશર સુદી ૨ ના રોજ ઉજાણી કમીટી શ્રી હરીલાલ અમરતલાલ ગાંધી તથા પરસોતમદાસ મણીલાલ મુડીયાના આગેવાની નીચે નિમાઈ અને સમસ્ત જ્ઞાતિની બીજી ઉજાણી દશા નાગરની વાડીમાં થઈ તેમાં સમસ્ત જ્ઞાતિએ ભાગ લીધો અને આનંદ માણેલો.

તા. ૧૧/૧૧/૫૬ ની સામાન્ય સભામાં આપણી જ્ઞાતિમાં સૌ પ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.) ની ડીગ્રી પ્રાપ્ત કરનાર શ્રી પોપટલાલ નગીનદાસ વડવાળા, (૨) સૌ પ્રથમ ડે. કલેકટરની પદવી મેળવનાર શ્રી વાડીલાલ અંબારામ કડવાશેઠ (૩) સરકાર તરફથી ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગના વધુ અભ્યાસ માટે ઝેકોસ્લોવેકીયા અને જર્મની જનાર શ્રી શંકરલાલ ચુનીલાલ મોદીને પ્રમુખ શ્રી મોતીલાલ ભોળાનાથ જાડાવાળાએ સન્માન કરેલુ.

તા. ૦૧/૦૧/૫૭ થી તા. ૩૧/૧૨/૫૯ ના વર્ષ માટે નીચે મુજબની કમીટી ચુંટાઈ આવી.
૧. શ્રી મફતલાલ મોતીલાલ ધનજીમોતીવાળા, ૨. શ્રી કાલીદાસ સોમચંદ મોદી, ૩. શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદી, ૪. શ્રી કાંતીલાલ બાપાલાલ મોદી, ૫. શ્રી નગીનદાસ ગણપતરામ વડવાળા, ૬. શ્રી વાડીલાલ નારણદાસ જાડાવાળા, ૭. શ્રી નગીનદાસ પરસોતમદાસ સુરતી, ૮. શ્રી જયંતિલાલ કેશવલાલ ફરકીવાળા, ૯. શ્રી ચંદુલાલ ધનજીભાઈ જાડાવાળા, ૧૦. શ્રી માણેકલાલ ભગવાનદાસ કાજીવાળા, ૧૧. શ્રી લાલભાઈ હરીલાલ સ્વામીનારાયણ.

સને ૧૯૫૭ ના વર્ષ માટે પ્રમુખપદે શ્રી મફતલાલ મોતીલાલ ધનજીમોતીવાળા ચુંટાઈને આવ્યા.

તા. ૨૪/૧૧/૫૭ ની જનરલ મીટીંગમાં વાડીમાં નવું બાંધકામ કરવા માટે પરવાનગી મળી અને કમીટીએ આ ભગીરથ કાર્યનો આરંભ કર્યો. સદરહુ બાંધકામ માટે શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદી, (૨) શ્રી નગીનદાસ ગણપતરામ વડવાળા, (૩) શ્રી મફતલાલ મોતીલાલ ધનજીમોતીવાળાની એક પેટા કમીટીની નિમણુક કરવામાં આવી.

શ્રી ચંદુલાલ ધનજીભાઈ જાડાવાળાના શુભ હસ્તે ખાત મુર્હત વિધિ કરાવી. આ ભગીરથ કાર્યનો આરંભ થયો.

સદરહુ બાંધકામમાં ત્રીજે માળે એક મોટો હોલ શ્રી અંબારામ નાગરદાસ ફરકીવાળા હોલ બાંધવા માટે શ્રી લક્ષ્મીચંદ અંબારામ ફરકીવાળાએ રૂા. ૧૦,૦૦૧/- નું દાન આપ્યું. ત્યારબાદ જ્ઞાતિમાં ઉઘરાણું કરવામાં આવ્યું.

જેમાં જ્ઞાતિ સભ્યોએ ઉમળકાભેર દાનનો પ્રવાહ વહેવરાવ્યો. દાનની કુલ રકમ આશરે રૂા. ૫૫૦૦૦/- ભેગી થઈ અને બાંધકામ પુરી ઝડપે આગળ વધ્યું. આ ભગીરથ કાર્ય માટે મેનેજીંગ કમીટીના દરેક સભ્યોએ સારો એવો પરિશ્રમ ઉઠાવ્યો અને તેમાં શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદીએ પોતાની તનતોડ મહેનત અને જહેમત તથા કાર્ય કુશળતાથી આ ભગીરથ કાર્યને સફળ બનાવ્યું.

તા. ૦૧/૦૧/૬૦ થી તા. ૩૧/૧૨/૬૨ ના વર્ષ માટે નીચે મુજબની કમીટી ચુંટાઈ આવી.
૧. શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદી, ૨. શ્રી કાલીદાસ સોમચંદ મોદી, ૩. શ્રી કાંતીલાલ બાપાલાલ મોદી, ૪. શ્રી નગીનદાસ ગણપતરામ વડવાળા, ૫. શ્રી વાડીલાલ નારણદાસ જાડાવાળા, ૬. શ્રી રસીકલાલ દલપતરામ ગંધકવાલા, ૭. શ્રી નગીનદાસ પરસોતમદાસ સુરતી, ૮. શ્રી વાડીલાલ અંબાલાલ કડવાશેઠ, ૯. શ્રી જયંતિલાલ કેશવલાલ ફરકીવાળા, ૧૦. લાલભાઈ હરીલાલ સ્વામીનારાયણ, ૧૧. શ્રી ચંદુલાલ ધનજીભાઈ જાડાવાળા.

શ્રી જયંતીલાલ કેશવલાલ ફરકીવાળા અને શ્રી પોપટલાલ નગીનદાસ વડવાળાની ભારે જહેમતથી આપણી જ્ઞાતિને ઈન્કમટેક્ષમાંથી માફી મળી.

ત્યારબાદ તા. ૨૨/૦૫/૬૦ ના રોજ નવા બીલ્ડીંગનું વાસ્તુ પૂજન વિધિ શ્રી લક્ષ્મીચંદ અંબારામ ફરકીવાળાના શુબ હસ્તે થઈ અને તે જ દિવસે સાંજના નારણઘાટના સ્થળે સમસ્ત જ્ઞાતિનું સમુહ ભોજન યોજાયું. આ પ્રસંગે આપણી જ્ઞાતિના વડોદરાના વહીવટદારો, કમીટીના આમંત્રણથી પધારેલા અને ભાગ લીધો હતો.

સને ૧૯૬૦ ના વર્ષ માટે પ્રમુખપદે શ્રી વાડીલાલ અંબારામ કડવાશેઠ ચુંટાઈ આવ્યા.

તા. ૦૨/૧૦/૬૦ ના રોજ જ્ઞાતિની સામાન્ય સભામાં શ્રી વિનુભાઈ માણેકલાલ મોદી જેઓ સર્ધન કેલીફોર્નીયા યુનિવર્સિટી, અમેરીકા (યુ.એસ.એ.) જઈ એમ.બી.એ. માસ્ટર ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનની ડીગ્રી પ્રાપ્ત કરી આવેલા. તેમને પ્રમુખ શ્રી વાડીલાલ અંબારામ કડવાશેઠે સન્માનેલા.

સને ૧૯૬૧ ના વર્ષ માટે પ્રમુખપદે શ્રી કાલીદાસ સોમચંદ મોદી ચુંટાઈને આવ્યા.

તા. ૧૨/૦૩/૬૧ ના રોજ જ્ઞાતિની સામાન્ય સભામાં સર્ધન કેલીફોર્નીયા યુનિવર્સિટી, અમેરીકા (યુ.એસ.એ.) જઈને માસ્ટર ઓફ સાયન્સ ઈન ફાર્મસી (એમ.ફાર્મ) ના ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરનાર શ્રી મધુસુદન ઈશ્વરલાલ મોદીને તથા કેલીફોર્નીયા યુનિવર્સિટી અમેરીકા (યુ.એસ.એ.) જઈને માસ્ટર ઓફ એકાઉન્ટીંગની

ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરનાર શ્રી કનુભાઈ માણેકલાલ મોદીને પ્રમુખ શ્રી કાલીદાસ સોમચંદ મોદીએ સન્માનેલા. જ્ઞાતિની સામાન્ય સભા દર વર્ષે માર્ચ માસમાં મળતી હોય છે. અને તેમાં પાછલા વર્ષનો હિસાબ મંજુર કરવામાં આવે છે અને ચાલુ વર્ષનું અંદાજ પત્રક મંજુરી માટે મુકવામાં આવે છે. અને દર વર્ષે પાસ થયેલા વિધાર્થી-વિધાર્થીઓને ઈનામ વહેંચવાનો મેળાવડો યોજાય છે.

સને ૧૯૬૨ ના વર્ષ માટે પ્રમુખપદે શ્રી વાડીલાલ નારણદાસ જાડાવાલા ચુંટાઈ આવ્યા.

તા. ૦૧/૦૧/૬૩ થી તા. ૩૧/૧૨/૬૫ ના વર્ષ માટે નીચે જણાવેલા સભ્યોની કમીટી ચુંટાઈ આવી.
૧. શ્રી નગીનદાસ ગણપતરામ વડવાલા, ૨. શ્રી કાલીદાસ સોમચંદ મોદી, ૩. શ્રી રસીકલાલ દલપતરામ ગંધકવાલા, ૪. કાંતીલાલ બાપાલાલ મોદી, ૫. શ્રી જયંતીલાલ વનમાળીદાસ સ્વામીનારાયણ, ૬. શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદી, ૭. શ્રી મનુભાઈ નગીનદાસ વડવાળા, ૮. શ્રી વાડીલાલ નારણદાસ જાડાવાલા, ૯. શ્રી ડૉ. સુરેશ રમણલાલ મોદી, ૧૦. શ્રી નગીનદાસ પરસોતમદાસ સુરતી, ૧૧. શ્રી હરેન્દ્ર રણછોડલાલ મોદી.

સને ૧૯૬૩ ના વર્ષ માટે પ્રમુખપદે શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદી ચુંટાઈ આવ્યા.

તા. ૩૧/૦૩/૬૩ ના રોજ શ્રી બાલકૃષ્ણ અમૃતલાલ મોદી (ગડકવાલા) એ અમેરીકામાં ફાર્મસી અભ્યાસ કરીને B.Sc. (Hon.), B.Pharm, M.S. (O.S.V.) ની ડીગ્રી પ્રાપ્ત કરી આવેલ તથા શ્રી પ્રહલાદ કુબેરદાસ મોદી કે જેમને આપણી ગુજરાત સરકારે જે.પી. જસ્ટીસ ઓફ પીસ નીમ્યા છે. તેમને પ્રમુખ શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદીએ સન્માનેલા.

સને ૧૯૬૩ ના જુન માસમાં પુનમીયા ટોળીના સભ્ય તરફથી જ્ઞાતિના પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને સ્લેટ પેન તથા નોટબુકો વહેંચવામાં આવેલી તથા સપ્ટેમ્બર માસમાં પ્રમુખ શ્રી ચીમનલાલ કુબેરદાસ મોદીના પ્રમુખ સ્થાને પીકનીક હાઉસમાં ઈનામ મેળાવડો યોજાયેલ. તેમાં તમામ જ્ઞાતિ સભ્યોને સદરહુ પુનમીયા ટોળી તરફથી હળવો નાસ્તો (સ્વાદીષ્ટ વાનગીઓ) આપવામાં આવેલો.

સને ૧૯૬૪ ના વર્ષ માટે પ્રમુખ પદે શ્રી કાંતીલાલ બાપાલાલ મોદી ચુંટાઈ આવ્યા.

તા. ૨૭/૦૯/૬૪ ના રોજ શ્રી કાંતીલાલ બાપાલાલ મોદીના પ્રમુખ સ્થાને પીકનીક હાઉસમાં ઈનામના મેળાવડામાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા હળવા નાસ્તાનો કાર્યક્રમ યોજાયેલો.

તા. ૧૫/૫/૬૪ ના રોજ જ્ઞાતિ તરફથી બહેનોના વિકાસ અર્થે શ્રી અંબારામ નાગરદાસ ફરકીવાળા હોલમાં શીવણ કલાસ શરૂ કરવામાં આવ્યો.

તા. ૦૭/૧૧/૬૪ ના રોજ જ્ઞાતિ તરફથી બહેનોના વિકાસ અર્થે બીજુ પગલું ગૃહ વિજ્ઞાનનો કલાસ શરૂ કરવામાં આવ્યો. સને ૧૯૬૫ ના વર્ષ માટે પ્રમુખપદે શ્રી નગીનદાસ પરસોતમદાસ સુરતી ચુંટાઈ આવ્યા..........